# મોદી આજે ગુજરાતમાં, 35000 કરોડના પ્રોજેક્ટને આયામ અપાશે



**ડેડિકેટેડ** ફ્રેટ કોરિડોરના ૩૨૬ કિ.મી.ના ત્રણ વિભાગનું લોકાર્પણ, રૂ.૯,૭૦૦ કરોડના રેલવે પ્રોજેક્ટ્સનું શિલાન્યાસ કરશે

**નવસારીમાં** ભાજપના કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરશે, બાદમાં સુરત આવી મુંબઈ રવાના થશે

**ગાંધીનગર:** વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ સપ્ટેમ્બરે ગુજરાત અને મહારાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત પ્રવાસ દરમિયાન વડોદરામાં તેઓ રૂ.૩૫ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું શિલાન્યાસ, ઉદ્ઘાટન અને લોકાર્પણ કરશે. બપોરે આશરે ૧૨ વાગ્યે યોજાનારા કાર્યક્રમમાં વડાપ્રધાન વિકાસકાર્યોની ભેટ આપવાની સાથે વિશાળ જનસભાને પણ સંબોધશે. વડોદરાના કાર્યક્રમ બાદ તેઓ નવસારી અને ત્યારબાદ

...અનુસંધાન પાના 17 પર

### મોદીના હસ્તે ક્યા ક્યા પ્રોજેક્ટોના શિલાન્યાસ, ઉદ્‌ઘાટન થશે

- રૂ.૩૨,૬૦૬ કરોડથી વધુના કેન્દ્ર સરકારના અને રૂ.૨,૫૯૭ કરોડથી વધુના રાજ્ય સરકારના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.
- આ વિકાસકાર્યોમાં ભારતીય રેલવેના રૂ.૩૦,૭૬૬ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ મુખ્ય આકર્ષણ રહેશે.
- વડાપ્રધાન રૂ.૨૦,૭૦૩ કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલા પશ્ચિમ સમર્પિત માલવાહક માર્ગના ન્યૂ સાણંદ (ઉત્તર)-ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ-ન્યૂ સફાળે અને ન્યૂ સફાળે-ન્યૂ જવાહરલાલ નહેરુ બંદર એમ કુલ ૩૨૬ કિલોમીટરના ત્રણ વિભાગોનું લોકાર્પણ કરશે
- રૂ.૮,૮૮૫ કરોડના ખર્ચે વડોદરા-રતલામ વચ્ચે ૨૫૯ કિલોમીટર લાંબી ત્રીજી અને ચોથી રેલવે લાઇનના નિર્માણનું ખાતમુહૂર્ત કરશે. આ ઉપરાંત નવી ટ્રેન સેવા તથા પશ્ચિમ સમર્પિત માલવાહક માર્ગ પર માલગાડીનું પ્રસ્થાન કરાવવામાં આવશે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ હેઠળ રૂ.૧,૮૪૦ કરોડથી વધુના માર્ગ પ્રોજેક્ટ્સમાં વડોદરા-સુરત રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ પર તાપી અને નર્મદા નદી પરના મોટા પુલ સહિતના માળખાં, કામરેજ-ચલથાણ વિભાગને છ માર્ગીય બનાવવાનું કામ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૩ પર આભવા, મીંઢોળા અને ખજોદ જંક્શન ખાતે માર્ગીય માળખાંના નિર્માણનો સમાવેશ થાય છે.
- રૂ.૫૨૩.૫૯ કરોડના ખર્ચે વડોદરા રિંગ રોડના બીજા તબક્કાનું ખાતમુહૂર્ત, વડોદરા મહાનગરપાલિકાની નવી કચેરીનું નિર્માણ, પૂર્વ વડોદરાનાં ૧૧ ગામો માટે રૂ.૨૦૩.૭૭ કરોડની પાણી પુરવઠા યોજના, આજવા સરોવર ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતાના તરતા માળખાનું નિર્માણ, વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલની સુવિધાઓ અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસોનો સમાવેશ થાય છે.
- મહીસાગર જિલ્લાના કડાણા ડેમ ખાતે રૂ.૪૮૯.૨૦ કરોડના ખર્ચે ૧૧૦ મેગાવોટ ક્ષમતાના તરતા સૌર ઊર્જા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ સમગ્ર રાજ્યમાં રૂ.૨૩૬.૧૦ કરોડના ખર્ચે નિર્મિત ૧૩,૮૮૮

...અનુસંધાન પાના 17 પર

**અમેરિકાના મિયામી એરપોર્ટ પર ઉતરાણ કરતી વખતે આ માલવાહક વિમાન રન-વે પરથી સરકીને આગળ નીકળી ગયું અને આગ ફાટી નીકળી**

## એમેઝોનનું કાર્ગો પ્લેન રનવે પરથી લપસીને વાહનો સાથે અથડાયું, 5નાં મોત

**ઇમરજન્સી** ટીમોએ સીડી વડે કોકપિટમાં પહોંચી બચાવ કાર્ય કર્યું, પાંચને ઇજા, ત્રણની હાલત ગંભીર













**મિયામી, તા. 7:** અમેરિકાના મિયામી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર એમેઝોનનું એક કાર્ગો વિમાન રનવે પરથી લપસીને બહાર નીકળી ગયું હતું, જે વાહનો સાથે અથડાતાં અને તેમાં આગ લાગતાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે.

સાન્જુઆન, પ્યુઅર્ટો રિકોથી આવ્યા બાદ સ્થાનિક સમય પ્રમાણે રવિવારે બપોરે 2 વાગ્યાની આસપાસ વિમાન રનવેની બહાર નીકળી ગયું હતું. મિયામી-ડેડ કાઉન્ટીના અધિકારીઓએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે પાંચ લોકોનાં મોત થયા છે, ત્રણ ગંભીર રીતે ઘાયલ છે અને અન્ય બે લોકોને ઓછી ગંભીર ઈજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મિયામીના અધિકારીઓએ રવિવારે બપોરે જણાવ્યું હતું કે, મૃત્યુ પામેલા લોકો વિમાનમાં સવાર હતા કે વિમાન જે વાહનો સાથે અથડાયું તેમાં હતા તે નક્કી કરવું હાલ વહેલું ગણાશે.

આ ઘટનાને કારણે બપોરના મોટા ભાગના સમયે વ્યસ્ત એરપોર્ટ પર ફ્લાઇટ્સ સ્થગિત કરી દેવામાં આવી હતી. અકસ્માતના કેટલાક કલાકો પછી પણ ફાયર બ્રિગેડની ટીમો વિમાનમાં ઈંધણના લીકેજની સમસ્યા ઉકેલી રહી હતી. ઘટનાસ્થળની તસવીરોમાં જોવા મળ્યા મુજબ પ્રાકૃતિક રીતે 'પ્રાઇમ એર'નું આ વિમાન બે સેમી-ટ્રક નજીકના માર્ગ પાસે આવીને રોકાઇ ગયું હતું. આગ લાગી હોવા છતાં વિમાન પેટના ભાગે જમીન પર ટકેલું અને મોટા ભાગે અકબંધ જણાતું હતું. ફાયરફાઇટર્સને વિમાનના કોકપિટમાં પહોંચવા માટે સીડીનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. મિયામી ઇન્ટરનેશનલ એરપોર્ટના વિડિયોમાં ઇમરજન્સી ટીમો બોઇંગ 767-300ની અંદર પહોંચવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી. વિમાનના પાછળના ભાગમાંથી બળતણ લીક થઈ રહ્યું હતું અને તેનો નીચેનો ભાગ કાળો પડેલો દેખાતો હતો. આ ફ્લાઇટ નોર્થ કેરોલિના સ્થિત કાર્ગો કેરિયર '21 એર' દ્વારા ઓપરેટ કરવામાં આવી રહી હતી. ફ્લાઇટમાં વિક્ષેપ પર નજર રાખતી વેબસાઇટ 'ફ્લાઇટઅવેર'ના ડેટા અનુસાર, રવિવારે મોડી બપોરે એરપોર્ટ પર લગભગ 250 ફ્લાઇટ્સ મોડી પડી હતી. એમેઝોને એક નિવેદનમાં જણાવ્યું છે કે તે કોઈપણ તપાસમાં સંપૂર્ણ સહયોગ આપશે.

**અમેરિકી ટેરિફ વધવાની અટકળો વચ્ચે**

## વૈશ્વિક તાંબાના ભાવ ઓલટાઈમ હાઈ સપાટીએ

**લંડન** મેટલ એક્સચેન્જ પર ભાવ 14,533 ડોલર પર પહોંચ્યો

**છેલ્લા** એક વર્ષમાં આ ધાતુના ભાવમાં ૧૭ ટકાનો વધારો થયો છે

**લંડન, તા. 7 :** તાંબાના ભાવ લંડન મેટલ એક્સચેન્જ પર અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રિફાઈન્ડ મેટલની આયાત પર અમેરિકી ટેરિફનો વિસ્તાર કરશે તેવી ધારણાને કારણે સપ્તાહોથી ચાલી રહેલી તેજીને વધુ બળ મળ્યું છે.

LME પર બેંચમાર્ક ત્રણ મહિનાના ફ્યુચર્સ 0.8% સુધી વધીને પ્રતિ ટન 14,533 ડોલર પર ટ્રેડ થયા હતા, જેણે જાન્યુઆરીમાં બનેલા અગાઉના રેકોર્ડને તોડી નાખ્યો છે. છેલ્લા એક વર્ષમાં ધાતુના ભાવમાં થયેલો 17% નો વધારો પુરવઠા અને માંગ વચ્ચેના લાંબા ગાળાના અસંતુલનને આભારી છે. છેલ્લા એક વર્ષમાં આ ધાતુના ભાવમાં થયેલા 17% ના વધારાનું મુખ્ય કારણ પુરવઠા અને માંગ વચ્ચેનો લાંબા ગાળાનું અસંતુલન છે. ડેટા સેન્ટર્સ, રિન્યુએબલ એનર્જી

...અનુસંધાન પાના 17 પર

## સંરક્ષણ મંત્રાલયે રૂ. ૧.૧૦ લાખ કરોડની લશ્કરી ખરીદીઓને મંજૂરી આપી

**સેનાની** ત્રણેય પાંખો માટે વિવિધ પ્રકારના શસ્ત્રો અને સરંજામની ખરીદીના પ્રસ્તાવને લીલી ઝંડી અપાઇ

**કેમિકલ,** બાયોલોજીકલ, રેડિયોલોજીકલ, ન્યુક્લિયર એજન્ટોની વિવિધ વિસ્તારોમાં હાજરી શોધી કાઢવા માટેના રેકી વાહનો ખરીદાશે

**સુરંગ** બિછાવતા વાહનો, આધુનિક હળવા હેલિકોપ્ટરો, બ્રિજ સિસ્ટમ સહિત અનેક ખરીદીને મંજૂરી, ૯૮ ટકા ખરીદી ભારતીય ઉદ્યોગો પાસેથી કરાશે

**નવી દિલ્હી, તા. 7 (PTI):** સંરક્ષણ મંત્રાલયે સોમવારે સૈન્યની કુલ એકંદર લડાયક ક્ષમતા વધારવા માટે રૂ. ૧.૧૦ લાખ કરોડના અંદાજિત ખર્ચે રડાર, એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર અને મિકેનિકલ માઇન લેયર્સ સહિત ત્રણેય સેવાઓ માટે લશ્કરી હાર્ડવેરની ખરીદીને મંજૂરી આપી છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના વડપણ હેઠળની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ(DAC) દ્વારા ખરીદીના પ્રસ્તાવને લીલી ઝંડી આપવામાં આવી હતી.

મંત્રાલયે જણાવ્યું હતું કે, DAC દ્વારા આશરે રૂ. ૧,૧૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચે સંરક્ષણ દળોના વિવિધ ખરીદી પ્રસ્તાવો માટે એક્સેપ્ટન્સ ઓફ નેસેસિટી(AoN) એટલે કે સૈદ્ધાંતિક વહીવટી મંજૂરી આપવામાં આવી છે. તેણે કહ્યું, "ભારતીય સેના માટે કેમિકલ બાયોલોજિકલ રેડિયોલોજિકલ અને ન્યુક્લિયર(CBRN) રેકી વ્હીકલ, હાઇ મોબિલિટી વાહનો, સેલ્ફ-પ્રોપેલ્ડ મિકેનિકલ માઇન લેયર્સ, એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર, ટ્રોલ ટેન્ક અને સર્વત્ર બ્રિજ સિસ્ટમની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી છે.

CBRN રેકી વ્હીકલ CBRN એજન્ટોથી દૂષિત વિસ્તારોને શોધવા, ઓળખવા, મોનિટર કરવા અને માર્ક કરવા માટે સક્ષમ હશે. હાઇ મોબિલિટી વાહનો પડકારજનક ભૂપ્રદેશોમાં કામગીરીની ક્ષમતાઓ, લોજિસ્ટિક સપોર્ટ અને ગતિશીલતા વધારશે તેવી અપેક્ષા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આધુનિક હળવા

...અનુસંધાન પાના 17 પર

## ચેન્નાઈ એરપોર્ટ પર બે ફ્લાઈટોનું ઈમરજન્સી લેન્ડિંગ

**મલેશિયા** એરલાઇનની જેદ્દાહ જઇ રહેલ ફ્લાઇટના એન્જિનમાં ખામી સર્જાતા ચેન્નાઇ ડાઇવર્ટ કરીને તાકીદનું ઉતરાણ કરાવાયું, એરપોર્ટ પર ફૂલ ઇમરજન્સી જાહેર કરાઇ

**તિરુચીથી** સિંગાપોર જતી એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટનું પણ ટેકનીકલ ખામીને કારણે ઇમરજન્સી લેન્ડિંગ કરાયું, બંને વિમાનોના તમામ પ્રવાસીઓ સલામત

**ચેન્નાઈ, તા. 7 (PTI):** કુઆલાલમ્પુરથી જેદ્દાહ જઈ રહેલી મલેશિયા એરલાઈન્સની ફ્લાઈટને એન્જિન સંબંધિત ટેકનિકલ ખામીને કારણે સોમવારે ચેન્નાઈ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી, જેના પગલે સંપૂર્ણ ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મલેશિયા એરલાઈન્સ MH 156 કે જેમાં ૧૮૬ લોકો સવાર હતા, તે સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગઈ હતી અને અહીં એરપોર્ટ પર યોગ્ય ઈમરજન્સી પ્રતિસાદ વ્યવસ્થા સક્રિય કરવામાં આવી હતી, તેમ તેમણે ઉમેર્યું હતું.

એન્જિન નંબર ૨માં એક ટેકનિકલ સમસ્યા આવી હતી. એરલાઈન અને સંબંધિત ટેકનિકલ ટીમો એરક્રાફ્ટ અને સમસ્યાનું વધુ મૂલ્યાંકન કરી રહી છે, એક પ્રવક્તાએ જણાવ્યું હતું અને ઉમેર્યું કે કામગીરી સામાન્ય છે. વિમાનને પાર્કિંગ બે તરફ ખેંચી જવામાં આવ્યું હતું, અને મુસાફરોને નજીકની હોટેલમાં શિફ્ટ કરવામાં આવે તે પહેલાં એરપોર્ટ પર અસ્થાયી રહેવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. એન્જિનિયરો ટેકનિકલ ખામીને ઉકેલે પછી ફ્લાઈટ તેની મુસાફરી ફરી શરૂ કરે તેવી ધારણા છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. બીજા બનાવમાં, તિરુચિરાપલ્લીથી સિંગાપોર જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટને પણ ટેકનિકલ ખામીના કારણે ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, ચેન્નાઈ એરપોર્ટ પર લોકલ સ્ટેન્ડબાય જાહેર કરવામાં આવ્યું હતું, અને જરૂરી ઈમરજન્સી પ્રતિસાદ વ્યવસ્થા તૈયાર રાખવામાં આવી હતી. વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું અને સલામત રીતે રન-વે પરથી પસાર થઈ ગયું હતું.

## યુએસમાં લેબર ડેની રજાઓમાં ઈંધણના ભાવ રેકોર્ડ સપાટીએ

**વોશિંગ્ટન, તા. 7 (AP):** અમેરિકામાં લેબર ડે વિકેન્ડ પર ઉનાળાના આખરી પ્રવાસ માટે જતા પહેલાં વાહનમાં ઈંધણ પુરાવવું ઈતિહાસમાં ક્યારેય આટલું મોંઘું નહોતું રહ્યું. AAA મોટર ક્લબના જણાવ્યા અનુસાર, તહેવાર પહેલાં સામાન્ય પેટ્રોલનો સરેરાશ ભાવ ગેલન દીઠ 4.14 ડોલર પર પહોંચ્યો હતો, જે ગયા વર્ષ કરતાં લગભગ એક ડોલર વધુ છે અને 2012ના 3.82 ડોલરના રેકોર્ડને વટાવી ગયો છે.

ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા બાદ ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી ક્રૂડ ઓઈલનું પરિવહન ઘટી ગયું છે અને ઈરાને આ જળમાર્ગ ફરી ખોલવાનો ઈનકાર કર્યો છે. ઊર્જા નિષ્ણાતો આ સ્થિતિ માટે ઈરાન યુદ્ધને જવાબદાર ગણાવે છે.

બીજી તરફ, ડીઝલનો રાષ્ટ્રીય સરેરાશ ભાવ ગેલન દીઠ 5.85 ડોલરની રેકોર્ડ સપાટીએ પહોંચ્યો છે. ટ્રક અને ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં

...અનુસંધાન પાના 17 પર

**શહેરો અને ગામડાઓ માટે હવે નવા સિલિન્ડરના બુકિંગ માટેનો ગાળો એક સરખો થઇ ગયો**

## ગામડાઓ માટે સિલિન્ડર બુકિંગનો વેઇટિંગ પિરિયડ 45થી ઘટાડીને 25 દિવસ કરાયો

**નવી દિલ્હી, તા. 7 :** કેન્દ્ર સરકારે ઘરેલુ રાંધણગેસ(LPG) સિલિન્ડર રિફિલ કરવા માટેના બુકિંગ વેઈટિંગ પિરિયડ ગ્રામીણ વિસ્તારો ૪૫ દિવસથી ઘટાડીને ૨૫ દિવસ કરી દીધો છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ સોમવારે આ ફેરફારની જાહેરાત કરી હતી. આ નવો ૨૫ દિવસનો બુકિંગ ગેપ શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોના ઘરગથ્થુ એલપીજી ગ્રાહકો માટે તાત્કાલિક અસરથી સમાન રીતે લાગુ થશે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે પુરવઠા પર દબાણ આવતાં, સરકારે એલપીજીની



માંગને પહોંચી વળવા માટે આ વર્ષની શરૂઆતમાં અસ્થાયી પગલા તરીકે બુકિંગ માટે અલગ-અલગ સમયગાળો નક્કી કર્યો હતો. માર્ચ ૨૦૨૬માં, પેટ્રોલિયમ મંત્રાલયે શહેરી વિસ્તારોના ગ્રાહકો માટે ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારોના ગ્રાહકો માટે ૪૫ દિવસનો બુકિંગ ગેપ નક્કી કર્યો હતો. આ પગલાનો હેતુ અનિશ્ચિતતાના આ સમયગાળા દરમિયાન માંગને પહોંચી વળવાનો અને એલપીજીનો પુરવઠો સતત ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવાનો હતો. હવે એલપીજી પુરવઠાની સ્થિતિમાં સુધારો થતાં અને રિફિલ બેકલોગમાં નોંધપાત્ર ઘટાડો થતાં સરકારે આ વ્યવસ્થામાં સુધારો

...અનુસંધાન પાના 17 પર

## બંગાળની સરકારી જાહેરાતમાં દુર્ગા માતાની ૧૧ ભુજાઓ દર્શાવાતા ભારે વિવાદ

**ટીકાઓ** થતા ભાજપ નેતા શમિક ભટ્ટાચાર્યએ બેદરકારીપૂર્વક કહી દીધું કે દુર્ગા દેવી વધુ શક્તિશાળી થઇ ગયા છે!

**વિપક્ષે** પસ્તાળ પાડતા મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ આ બાબતે માફી માગી

**કોલકાતા, તા. 7 :** પશ્ચિમ બંગાળ સરકારે સોમવારે રાજ્યના અખબારોમાં એક જાહેરાત બહાર પાડી હતી. હવે આ જાહેરાતમાં છપાયેલી દુર્ગા માતાની તસવીરને લઈને વિવાદ ઊભો થયો છે. ફોટામાં દુર્ગાને પરંપરાગત 10 ભુજાઓને





બદલે 11 ભુજાઓ સાથે દર્શાવવામાં આવ્યા છે.

આ મુદ્દે હવે રાજકીય વિવાદ પણ શરૂ થઈ ગયો છે. સરકાર નિશાના પર આવ્યા બાદ ભાજપ નેતા શમિક ભટ્ટાચાર્યએ પ્રતિક્રિયા આપતાં ત્યાં સુધી કહી દીધું કે ''મા દુર્ગા વધુ શક્તિશાળી થઈ ગયાં છે! '' જો કે, બાદમાં તેમણે કહ્યું કે તેમણે હજુ સુધી આ જાહેરાત જોઈ નથી. તેમના જણાવ્યા મુજબ, જો કોઈ એજન્સી દ્વારા ભૂલ થઈ હોય તો આ રાજકીય મુદ્દો નથી. ભૂલ સુધારી લેવામાં આવશે.

તૃણમૂલ કોંગ્રેસ(TMC)ના ધારાસભ્ય કૃણાલ ઘોષે જાહેરાતની તસવીર શેર કરીને સરકાર પર કટાક્ષ કર્યો હતો. તેમણે સવાલ ઉઠાવ્યો કે જ્યારે મા દુર્ગાની તસવીરમાં 10 ભુજાઓ હોય છે, તો 2026માં તેઓ એકાદશભુજા એટલે કે 11 ભુજાઓ વાળા કેવી રીતે બની ગયા? સીપીએમ નેતા શતરુપ ઘોષે પણ જાહેરાતને લઈને સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે માતા દુર્ગાને અસુરનો વધ કરવા માટે દેવતાઓએ 10 હાથમાં હથિયાર આપ્યા હતા. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે ભાજપ સરકારે દેવીને એક વધારાનો હાથ જ આપી દીધો. બાદમાં સંકલત સમિતિની બેઠકમાં બોલતા મુખ્યમંત્રી

...અનુસંધાન પાના 17 પર

## મોસ્કોમાં UPના એન્જિનિયરની અટકાયત

**લખનઉ, તા. 7:** કાનપુરના વતની અને નોઈડાની કંપની વતી કામ અર્થે રશિયા ગયેલા એન્જિનિયર ચંદન ગુપ્તાની મોસ્કો પોલીસે અટકાયત કરી લીધી છે. તેમનાં પત્ની સ્નેહા ચંદન ગુપ્તાએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને આશંકા વ્યક્ત કરી છે કે તેમના પતિ પર રશિયન લશ્કરમાં જોડાવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. 10 વર્ષના પુત્ર સાથે મોસ્કોમાં અટવાયેલી સ્નેહાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને તાત્કાલિક હસ્તક્ષેપ કરી પતિને સુરક્ષિત ભારત પરત લાવવા અપીલ કરી છે.

સ્નેહાના જણાવ્યા મુજબ, રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે સૈનિકોની અછતને કારણે વિદેશી નાગરિકોને સેનામાં ભરતી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. મોસ્કો ડે પહેલા જ તેના પતિને હેરાન કરવામાં આવી રહ્યા હતા

...અનુસંધાન પાના 17 પર

**તા. ૦૭-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન**

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૨.૦૦ મીમી | મોસમનો ૧૧૯૯ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૫.૪૧ ફૂટ | આઉટફ્લો ૬૨૦૬ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૫૦ સે. | ૨૬.૮૦ સે. | ૮૨% |

